રાજકોટનાં મહે.ચોથા એડી.જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં

ફો.કે.નં.૧૪૦૯/૨૦૨૫
આંકઃ–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી હંસાબેન વા/ઓ.કીરીટભાઇ ગોરધનભાઇ લાડવા
૨. લલીતાબેન વા/ઓફ ભરતભાલ ગોવિંદભાઇ ભાલસોડ
૩. હંસાબેન વા/ઓફ નિતીનભાઇ જીવાભાઇ કંસારા
૪. રશ્મીતાબેન વા/ઓફ પ્રવિણભાઇ ગીગાભાઇ ગોહેલ
૫. રીનાબેન વા/ઓફ દીપકભાઇ હસમુખભાઇ રાવત
૬. શોભાનાબેન વા/ઓફ નરેન્દ્ભાઇ પરશોતમભાઇ જેઠવા
૭. ચંન્દીકાબેન વા/ઓફ કુરજીભાઇ વાલજીભાઇ ધોકીયા
૮. લતાબેન વા/ઓફ હસમુખભાઇ સુખલાલભાઇ રાઠોડ
૯. જયોતિબેન વા/ઓફ દીનેશભાઇ માધવજીભાઇ કનસારા
૧૦. શાંતાબેન વા/ઓફ ડાયાભાઇ મોહનભાઇ ભરડવા
૧૧. ચંપાબેન વા/ઓફ અશોકભાઇ વાલજીભાઇ ધોકીયા

(૧) સદર કામે આજ રોજ આરોપીઓ આજ રોજ હાજર છે.આ કામે આરોપીઓ વિરુધ્ધ રાજકોટ તાલુકા પો.સ્ટે.નોંધયેલ ગુન્હા રજી.નં.૦૭૦૨/૨૪ પોતાના ભોગવતા વાળા રહેણાંકના મકાનમાં બહાર થી મહીલાઓ બોલાવી નાલ ઉધરાવી હારજીતનો જુગાર રમાડી ગંજીપાના પાના વતી તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય તે મુજબનો ગુન્હો નોંધાયેલ જેની તપાસ થઈ આવતા ઉપરોક્ત નંબરનો કેસ રજીસ્ટર થયેલ છે.

(૨) સદર કામે આરોપીને સમન્સ/વોરંટ કરતા આરોપી હાજર થયેલ છે અને આ કામે આરોપીએ આંકઃ– થી કબુલાત પુરસીસ આપેલ છે અને આરોપીની આંકઃ– ..... સુધીથી પ્લી નોધવામાં આવતા આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ણ માણસ છે અને સદર ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને હવે ભવિષ્યમાં ફરીથી આવી ભુલ કરશે નહી અને ગુન્હાનો તેમને પસ્તાવો છે અને તેમના કુટુંબનો આધાર તેમની ઉપર રહેલ છે જેથી તેમની ભુલ માફ કરી સદર ગુન્હામાંથી મુક્ત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આરોપીની રજુઆત ધ્યાને લેતા અને સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપ વિરુધ્ધ જુગારધારાની કલમ- ૪-૫ મુજબનો ગુન્હો છે આ કામે આરોપીની રજુઆત ધ્યાને લેતા તેઓ ગરીબ વર્ણના માણસ છે અને તેમની પહેલી ભુલ હોઈ માફ કરવા અરજ કરેલ છે ત્યારબાદ આ કામે હજુ આરોપીનો ચાર્જ ફ્રેમ થયા બાદ કેસની કાર્યવાહી આગળ ચાલતા સમય જાય તેમ છે અને આ કામે આરોપી ગુન્હાની કબુલાત કરવા માંગતા હોય આ કામે ના.ગુજરાત હાઈકોર્ટ State Of Gujarat V/S Natwar Harchandji Thakor on 22 February 2005 Equivalent Citations:2005 CriLJ 2957,(2005) 1 GLR 709 માં આમ સદર ચુકાદામાં પ્રસ્થાપી થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીનો પ્રથમવારનો ગુન્હો હોય.આમ સદર ચુકાદાથી પ્રસ્થાપી થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ હાલના કેસમાં આરોપીએ તેમનો પ્રથમવારનો ગુન્હો હોવાનું જણાવેલ છે અને આ કામે ચાર્જશીટ ધ્યાને લેતા આરોપી સામે અગાઉ આ પ્રકારનો ગુન્હો આચરેલ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી નથી અને જેથી આરોપીનો પ્રથમવારનો ગુન્હો હોવાનુંમાની સદર ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતને ધ્યાને લઈ અને સદર કેસની હકીકતો ધ્યાને લઈ આ કામે આરોપીઓ હાજર રહે છે અને આરોપીની ઉંમર તથા તેમની પરિસ્થિતિ વિગેરે હકીકત લક્ષમાં લઈ આ કામે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:હુકમઃ**

સદર કામે આરોપીઓ ને પ્રો.કોડની કલમ ૨૫૨ હેઠળ જુગારધારાની કલમઃ- ૪-૫ હેઠળ પ્રત્યેક આરોપીને રુ.૫૦૦=/- x ૧૧ = રુ.૫,૫૦૦/- ( અંકે રુપિયા પાંચ હજાર પાંચસો પુરા) તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તેમજ અન્ય કોઈ મુદ્દામાલ હોય તો મુદ્દામાલના માલિકની ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૩/૧૨/૨૦૨૫

( બી.પી.ઠાકર)
ચોથા એડી.જ્યુડી.મેજી.ફ.ક.રાજકોટ.

ફોજદારી દંડની રકમ રૂ. ૫૦૦=/- x ૧૧ = રુ. ૫,૫૦૦/-

પહોચ નં...........થી તા. ૧૩/૧૨/૨૦૨૫
ના રોજ વસુલ લીધી.

નાઝીર
ચીફ જયુડી.મેજી.કોર્ટ રાજકોટ
જજ કોડ નં.જીજે